એએપીમાં આંતરીક ખેંચતાણ ચરમસીમાએ

નવી દિલ્હી, તા. ૨

એએપીમાં વિખવાદ હવે ચરમસીમા પર પહોંચી ગયો છે. રાષ્ટ્રીય કન્વીનર તરીકે અરવિંદ કેજરીવાલને દૂર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બીજીબાજુ પત્રોના લીકેજના મામલામાં ઊંડી તપાસ કરવાની એએપીએ જાહેરાત કરી છે. એએપીની અંદર મોટી તિરાડ ઉભી થઈ ગઈ છે તેવા પત્રોના લીકેજમાં તપાસ ચાલી રહી છે. એએપીના પ્રવક્તા સંજયસિંહે આજે કહ્યું હતું કે, પાર્ટીમાં હાલમાં ચાલી રહેલી કટોકટીને ધ્યાનમાં લઈ પાર્ટીની રાષ્ટ્રીય કારોબારી ચોથી માર્ચના દિવસે યોજાનાર છે જેમાં હાલના ઘટનાક્રમ પર ચર્ચા કરાશે. સંજયસિંહે કહ્યું હતું કે, પાર્ટીના સભ્યો દ્વારા લખવામાં આવેલા પત્રો સતત લીક થઈ રહ્યા છે, જે ખૂબ જ આશ્ચર્યજનક બાબત છે. તેમાં તપાસ કરવામાં આવશે. રાષ્ટ્રીય

કારોબારીની બેઠકમાં યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણના ભાવિ અંગે ફેંસલો કરાય તેવી શક્યતા છે.

આ બન્ને પર કેજરીવાલ સામે કાવતરા ઘઢવાનો આક્ષેપ કરાઈ રહ્યો છે. પક્ષની અંદર ઉભી થયેલી તિરાડ વધુ ગંભીર બની રહી છે. કારણકે, આજે કેટલાક સીનિયર નેતાઓએ પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને પાર્ટીમાં ચાલી રહેલી કટોકટી અંગે તેમના જુદા-જુદા અભિપ્રાય

વિસ્તરણ મુદ્દે એએપીમાં બે ટીમ

નવીદિલ્હી,તા. ૨

અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં તેની કેન્દ્રીય નેતાગિરીની કામગીરી અને ભાવિ વ્યુહરચનાને લઈને આમ આદમી પાર્ટીમાં ગંભીર મતભેદો સપાટી પર આવી ગયા છે. એએપીમાં પણ હવે બે ટીમ થઈ ગઈ છે. એકબાજુની ટીમમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને પાર્ટીના બહુમતી સભ્યો છે. જ્યારે બીજીબાજુ યોગેન્દ્ર યાદવ, પ્રશાંત ભૂષણ જેવા સીનિયર નેતાઓ છે. આ બન્ને ટીમમાં હવે સામ-સામે ખેંચતાણ વધી છે. યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ બન્ને શક્તિશાળી નેતા તરીકે ગણવામાં આવે છે. એએપીમાં ખેંચતાણ ઘણા બધા મુદ્દાઓ ઉપર છે. દિલ્હી ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ કે પછી હવે અન્ય રાજ્યમાં પણ ધ્યાન આપવું જોઈએ તે મુદ્દે વિખવાદ છે. કેજરીવાલ કેમ્પ માને છે કે, એએપી હાલ દિલ્હીમાં જ ધ્યાન કેન્દ્રીત કરે તે જરૂરી છે. અન્યત્ર ધ્યાન આપવાની બાબત જોખમી છે. જ્યારે યાદવ અને અન્ય કેટલાક નેતા માને છે કે, દિલ્હીમાં લોકપ્રિયતાનો લાભ લઈ આગળ વધવાની જરૂર છે. અન્ય રાજ્યોમાં પણ નેટવર્ક ફેલાવવામાં આવી શકે છે. આંતરીક ખેંચતાણ માટે કેટલાક કારણ પણ છે. જેમાં કેજરીવાલની કામ કરવાની રિતનો સમાવેશ થાય છે. કેજરીવાલ તેમના અભિપ્રાય અન્યો ઉપર લાગુ કરી રહ્યા છે. એએપીના આંતરીક લોકપાલ એડમિરલ એલ રામદાસે પણ પત્ર લખીને જાણ કરી ચુક્યા છે. યાદવ અને ભૂષણ કેમ્પમાં સહાનુભુતિ ધરાવનાર રામદાસ માને છે કે, રાષ્ટ્રીય પાર્ટી તરીકે આગળ વધવાની જરૂર છે. દિલ્હી સુધી ધ્યાન રાખવું જોઈએ નહીં.

રજુ કર્યા હતા. શ્રેણીબદ્ધ ટ્વીટ કરીને યોગેન્દ્ર યાદવે તેમને અને પાર્ટી નેતા પ્રશાંત ભૂષણને ટાર્ગેટ બનાવનાર થીયોરી રજુ કરનાર લોકોની ઝાટકણી કાઢી હતી. યોગેન્દ્ર યાદવે કહ્યું છે કે, છેલ્લા બે દિવસથી એવા અહેવાલ આવી રહ્યા છે કે, તેમની અને પ્રશાંત ભૂષણ સામે કાવતરા ચાલી રહ્યા છે. તમામ અહેવાલ આધાર વગરના છે. પરંતુ આવા પ્રયાસ પાછળના હેતુથી તેઓ નાખુશ છે. આશુતોષ તરફથી પણ ઘણા ટ્વીટ કરાયા છે. જેમાં જણાવાયું છે કે, ગંભીર પ્રકારના આક્ષેપો બિનજરૂરી રીતે થઈ રહ્યા છે. એએપીના સહ કન્વીનર દૂર્ગેશ પાઠકે આક્ષેપ કર્યો છે કે, પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવ દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં પાર્ટી હારે તેવી ઈચ્છા ધરાવતા હતા. જેથી અરવિંદ કેજરીવાલને કન્વીનરના હોદ્દાથી દૂર કરી શકાય. દુર્ગેશ પાઠકે એક મુલાકાતમાં કહ્યું છે કે, પ્રશાંત અને યોગેન્દ્ર યાદવ દિલ્હી ચુંટણીમાં પાર્ટીને હરાવવા ઈચ્છુક હતા તે જાણીને ખૂબ દુઃખ થયું છે. એએપી આંતરીક કટોકટીમાંથી પસાર થઈ રહી છે. કારણકે, ભૂષણ દ્વારા પાર્ટીના એક વ્યક્તિના વર્ચસ્વના અભિગમના મુદ્દા ઉઠાવી રહ્યા છે. થોડાક મહિના અગાઉ યોગેન્દ્ર યાદવે કેજરીવાલની ટીકા કરી હતી. એએપીની કારોબારીની બેઠક ગયા ગુરુવારે પણ મળી હતી. જે પહેલા વિવિધ અહેવાલ સપાટી પર આવ્યા હતા. યોગેન્દ્ર યાદવ, પ્રશાંત ભૂષણ અને કેજરીવાલ વચ્ચે ભારે વિખવાદની સ્થિતિ છે. બે જુદી-જુદી ટીમો બની ગઈ છે.

પ્રિયંકા વાઢેરાની ઓફિસ દ્વારા હેવાલને રદિયો

પ્રિયંકાને જનરલ સેક્રેટરી બનાવવાના હેવાલ ખોટા

નવી દિલ્હી,તા. ૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા વાઢેરાને કોંગ્રેસના જનરલ સેક્રેટરી તરીકે બનાવવામાં આવનાર છે તેવા હાલમાં ચાલી રહેલા અહેવાલને પ્રિયંકાની ઓફિસે રદિયો આપ્યો છે. આની સાથે જ ચાલતી અટકળોનો અંત આવી ગયો છે. પ્રિયંકાની ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ અંગે કોઈ પણ પ્રકારની ચર્ચા હાલમાં

નથી. હાલમાં એવા અહેવાલ આવ્યા હતા કે છેલ્લા ત્રણ મહિનાથી જુદા જુદા પ્રકારના અહેવાલો અને પક્ષના કાર્યકરોની માંગ મુજબ ચર્ચા કરવામાં આવી રહી હતી. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સક્રિય રાજકારણમાં પ્રિયંકાને લાવવાના પ્રયાસ કરી રહ્યા છે. સત્ર દરમિયાન રાહુલ ગાંધી એકાએક રજા ઉપર ઉતરી ગયા છે. જેને લઈને વિવાદ ચાલી રહ્યો છે. તેમની ગેરહાજરીથી તેમના વિરોધીઓ ટિકા કરી રહ્યા છે. પક્ષના વરિષ્ઠ નેતા એકે એન્ટોની કહી ચુક્યા છે કે, સંસદમાંથી બ્રેક લઈ ચુકેલા રાહુલ ગાંધી વધુ મજબૂત અને ઉર્જા સાથે પરત ફરશે. પૂર્વ સંરક્ષણમંત્રીએ રાહુલની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, તેમની ચોક્કસવર્ગોમાં કરવામાં આવી રહેલી ટિપ્પણી યોગ્ય નથી. એક કોંગ્રેસના કાર્યકરે બુધવારના દિવસે ઉત્તરાખંડમાં રાહુલ ગાંધી હોવાની વાત કરીને ફોટાઓ પણ રજૂ કર્યા હતા. જો કે, કોંગ્રેસે આ અહેવાલને રદિયો આપ્યો હતો. રાહુલની ગેરહાજરીને લઈને સતત પ્રશ્નો ઉઠી રહ્યા છે. સક્રિય રાજકારણમાં રાહુલ ગાંધીની મજબૂત ભૂમિકા રહે તેવી માંગ થઈ રહી છે. ચૂંટણીમાં હાર બાદ પક્ષના કાર્યકરોમાં ભારે નિરાશા છે. રાહુલ પક્ષના નેતાઓ સાથે વ્યાપક વાતચીત કરી ચુક્યા છે. પ્રિયંકા મોટી ચૂંટણી દરમિયાન હમેંશા પ્રચાર કરવા પહોંચે છે પરંતુ તે પાર્ટીમાં સક્રિય ભૂમિકા અદા કરવા ઈચ્છુક નથી.

અશોક ચૌહાણની મહારાષ્ટ્ર પીસીસી પ્રમુખ તરીકે નિમણૂંક થઈ

રાહુલ ઈફેક્ટ : વધુ ચાર પીસીસી પ્રમુખની અંતે નિમણૂંક કરી દેવાઈ

નવી દિલ્હી,તા. ૨

એઆઈસીસીના આગામી મહિને સેશનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં પક્ષ પ્રમુખ તરીકે રાહુલ ગાંધીને જવાબદારી સોંપવાનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. જોકે, સત્તાવાર જાહેરાત હાલ ન કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજીબાજુ કોંગ્રેસ પાર્ટીમાં એક પછી એક હાર બાદ ધરખમ ફેરફાર કરવાની શરૂઆત થઈ ચુકી છે. કોંગ્રેસમાં નવા પ્રાણ ફેંકવાના હેતુસર એઆઈસીસીના સેશન પહેલા જ આજે પાંચ નવા પીસીસી વડાની નિમણૂંક કરાઈ હતી. સાથે-સાથે એક ક્ષેત્રીય કોંગ્રેસના પ્રમુખની નિમણૂંક પણ કરાઈ છે. આ ફેરફારના ભાગરૂપે રાહુલ ગાંધીના ઈશારે મોટાભાગે નિર્ણય કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જે ફેરફાર કરાયા છે જેના ભાગરૂપે દિલ્હીમાં અજય માકનને જવાબદારી સોંપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં અશોક ચૌહાણની નિમણૂંક કરાઈ છે. જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ગુલામ અહમદ મીરને જવાબદારી સોંપાઈ છે. ગુજરાતમાં નવા પીસીસી પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકીની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે તેલંગાણામાં ઉત્તમ રેડ્ડીને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. એઆઈસીસીના સેક્રેટરી સંજય નિરુપમને મુંબઈ ક્ષેત્રિય કોંગ્રેસ કમીટીના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. લાંબા સમયથી ફેરફાર કરવાની ગણતરી ચાલી રહી હતી. ખાસ કરીને ઉપરોક્ત રાજ્યોમાં મોટાપાયે ફેરફારની તૈયારી હતી. તેવા સંકેત પણ મળ્યા છે કે, ગુજરાત અને મહારાષ્ટ્રમાં અન્ય ફેરફાર પણ થઈ શકે છે. રાહુલ ગાંધી હાલ રજા ઉપર છે ત્યારે આ નિમણૂંક કરવામાં આવી છે. પક્ષના સુત્રોનું કહેવું છે કે, રાહુલ ટૂંકમાં પરત ફરશે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પાંચ નવા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખની વરણી કરી છે. એઆઈસીસીની યાદીમાં આ નવા નામની જાહેરાત જનરલ સેક્રેટરી ઓર્ગેનાઈઝેશન જનાર્દન દ્વિવેદીએ કરી છે. ઉપરાંત ધારાસભ્ય મલ્લુ ભાટ્ટી વિરકામારકાને તેલંગાણા માટે કારોબારી પ્રમુખ બનાવાયા છે. નવા તેલંગાણા પીસીસી પ્રમુખ રેડ્ડી રાજ્ય વડા પુન્નાલા લક્ષ્મૈયાની જગ્યા લેશે. જ્યારે જમ્મુ કાશ્મીરમાં ગુલામ અહમદ મીર સૈફુદીન સોઝની જગ્યા લેશે. અશોક ચૌહાણ માણીકરાવ ઠાકરેની જગ્યા લેશે. ભરતસિંહ સોલંકી અર્જુન મોઢવાડીયાની જગ્યા લેશે. દિલ્હી રાજ્યના વડા તરીકે માકનની વાપસી થઈ છે. દિલ્હી વિધાનસભાની ચુંટણી માટે માકનને કોંગ્રેસ પ્રચાર સમિતિના વડા બનાવાયા હતા. પાર્ટી શીલા દીક્ષિતની જગ્યાએ જાણીતા ચહેરાને લાવવા ઈચ્છુક હતી. માકનની અરવિંદરસિંહ લવલીની જગ્યાએ પસંદગી કરાઈ છે. ૨૦૧૪માં વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો હતો. કોંગ્રેસને દિલ્હીમાં એકપણ બેઠક મળી નહતી. જમ્મુ-કાશ્મીરમાં પણ ફેરફાર કરાયા છે. પંજાબમાં લાલસિંહનું નામ સપાટી પર ચાલી રહ્યું છે. અમરિંદરસિંહ બાજવા સામે બડવો કરી ચુક્યા છે. લાલસિંહ પહેલી પસંદગી દેખાઈ રહ્યા છે. પંજાબમાં ટૂંકમાં ફેરફાર થાય તેવા સંકેત છે. રાહુલ ગાંધી આ રાજ્યોમાં નવા પીસીસી વડા બનાવવા ઈચ્છુક હતા. પક્ષમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસ થઈ રહ્યા છે.રાહુલ ગાંધીને પક્ષ પ્રમુખ બનાવવા અને એઆઈસીસીના સંમેલન પહેલા પાર્ટી સંગઠનમાં મોટા પાયે ફેરફારની તૈયારી કરી લેવામાં આવી છે.પાર્ટીના સુત્રોએ કહ્યું છે કે નિમણૂંકના મામલે મોટા ભાગે નિર્ણય રાહુલ ગાંધી રજા પર ઉતર્યા તે પહેલા જ કરી લેવામાં આવ્યો હતો. ગુજરાતમાં અર્જૂન મોઢવાડિયાની જગ્યાએ ભરતસિંહ સોલંકીની નિમણૂંક કરવામાં આવી ચુકી છે. પક્ષમાં નવા પ્રાણ ફુંકવા માટેના પ્રયાસો હાથ ધરવામાંઆવ્યા છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર અને ત્યારબાદ વિવિધ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂટણીમાં કોંગ્રેસની હાર થઈ હતી. જેથી હવે રાહુલ ધરખમ ફેરફાર કરવા ઈચ્છુક છે.

વેજીટેરીયન થાળી બદલ ૨૯ રૂપિયા ચુકવ્યા

મોદીએ સંસદીય કેન્ટીનમાં ભોજનની ખાસ મજા માણી

ઈમારતના રૂમ નંબર-૭૦માં મોદી પહોંચ્યા : અન્ન દાતા સુખી ભવઃનો સંદેશ પણ કેન્ટીનની વિઝીટર બુકમાં લખ્યો

નવી દિલ્હી, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સંસદની કેન્ટીનમાં લંચ માણવા માટે પહોંચ્યા હતા અને સંસદ સભ્યો માટે રાખવામાં આવેલી સંસદીય કેન્ટીનમાં લંચની મજા માણી હતી. સાંસદો સાથે તેઓ જોડાયા હતા. વડાપ્રધાન સંસદની કેન્ટીનમાં લંચ માટે પહોંચતા કાર્યકરો અને કેન્ટીનના સભ્યો ઉપરાંત સ્ટાફમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાને આશ્ચર્યજનકરીતે સંસદીય ઈમારતના પ્રથમ માળ ઉપર રૂમ નંબર-૭૦ની મુલાકાત લીધી હતી અને ત્યાં ભોજનની



મજા માણી હતી. વડાપ્રધાને વેજીટેરીયન થાળી લઈને સભ્યો સાથે ભોજન લીધું હતું. સાથે-સાથે વેજીટેરીયન થાળી માટે ૨૯ રૂપિયાની ચુકવણી પણ કરી હતી. મોદી કેન્ટીનમાં ઉપસ્થિત રહેલા સાંસદો સાથે ખુશખુશાલ મૂડમાં દેખાયા હતા. તેમની સાથે વાતચીત પણ કરી હતી. ભોજનની મજા માણ્યા બાદ વડાપ્રધાને સંસદીય કેન્ટીનની વિઝીટર બૂકમાં સંદેશો પણ લખ્યો હતો. સંદેશામાં વડાપ્રધાને લખ્યું છે કે, અન્ન દાતા સુખી ભવઃ નરેન્દ્ર મોદીનો આ સંદેશ વીઝિટર બુકમાં લખાયા બાદ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર પણ મુકાયો હતો. દેશભરમાં અભૂતપૂર્વ લોકપ્રિયતા ધરાવતા નરેન્દ્ર મોદી પ્રથમ વખત સંસદીય કેન્ટીનમાં પહોંચ્યા હતા. ગયા વર્ષે મે મહિનામાં દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સંસદના પ્રથમ માળે કેન્ટીનમાં પહોંચ્યા હતા અને સભ્યો સાથે વાતચીત કરતા ભોજનની મજા માણી હતી. વેજીટેરીયન ભોજનમાં વડાપ્રધાને કઈ-કઈ ચીજવસ્તુઓ આરોગી હતી તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી. પરંતુ વડાપ્રધાનને જોઈને સંસદીય કેન્ટીનના સભ્યો પણ ઉત્સાહીત દેખાયા હતા. સ્ટાફના લોકોમાં પણ ઉત્સાહ વધી ગયો હતો.

પાકિસ્તાનની સરહદ ઉપર આતંકવાદીના અનેક અડ્ડા

નવી દિલ્હી,તા. ૨

પાકિસ્તાન પર અમેરિકા અને ભારત સહિતના દેશોના તીર્વ દબાણ છતાં પાકિસ્તાની સરહદ પર હાલમાં ૨ પથી ૩૦ ત્રાસવાદી અડ્ડા પણ ચાલી રહ્યા છે. આ ત્રાસવાદી અડ્ડામાં તમામ પ્રકારીન ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આ ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને કોઈ પણ સમય ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે. પાકિસ્તાની સેનાનો ત્રાસવાદીઓને ખુલ્લો ટેકો છે. કારણ કે તેમની હાજરીમાં તેઓ સક્રિય થયેલા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર કરવામાં આવી રહેલા ગોળીબાર પાછળ તેનો ખતરનાક ઈરાદો હોઈ શકે છે. કુપવાડામાં બે દિવસથી ત્રાસવાદીઓ સાથે અથડામણ વચ્ચે બીએસએફના ડીજી ડીકે પાઠકે કહ્યું હતું કે પાકિસ્તાને સરહદ પર તેની નિતી બદલી નાંખી છે. પાકિસ્તાનની સરહદ પર ૨૫-૩૦ ત્રાસવાદી અડ્ડા હાલમાં ચાલી રહ્યા છે. પાકિસ્તાની સેનાની ચોકીઓમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે. ડીકે પાઠકે કહ્યું હતું કે ભારતની નિતી બિલકુલ સ્પષ્ટ છે. સીમા પર રહેતા લોકોને ભારતે ક્યારેય ટાર્ગેટ બનાવ્યા નથી. જ્યારે સરહદ પર ભારતીય ઘરમાં પાકિસ્તાને ગોળીબાર કર્યો છે. પાકિસ્તાનના આ વલણ સામે પાઠકે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. પાઠકે કહ્યું હતું કે વર્ષ ૧૯૭૧ બાદ પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ ભંગના સૌતી ગંભીર મામલા બની રહ્યા છે. ભારતને હવે ઓછામાં ઓચા ૩૦ ત્રાસવાદી અડ્ડા અંગે પણ માહિતી મળી છે.પાકિસ્તાની સરહદ પર ત્રાસવાદીીએમ લોન્ચ પેડ પણ બનાવ્યા છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાની સેના અને ત્રાસવાદીઓ સાથે મળીને લડી રહ્યા છે.

સેંસેક્સ ૯૮ પોઈન્ટ ઉછળીને ૨૯૪૫૯ની ઉંચી સપાટી પર

મુંબઈ, તા. ૨

શેરબજારમાં આજે ઉથલપાથલના સત્ર વચ્ચે તેજી રહી હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરના નેતૃત્વમાં ઉછાળો રહ્યો હતો. સેંસેક્સ કારોબારના અંતે ૯૮ પોઈન્ટ ઉછળીને ૨૯૪૫૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૫ પોઈન્ટ ઉછળીને ૮૯૫૭ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં અફળાતફળી રહી હતી. મીડકેપ ઈન્ડેક્સમાં ૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. જેથી રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૯ ટકાનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૧૧૩૭૧ નોંધાઈ હતી. માઈક્રો ઈકોનોમિક મોરચે એચએસબીસી મેન્યુફેક્ચરીંગ ઈન્ડેક્સમાં પણ ફેરફારની સ્થિતિ રહી છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર દ્વારા શનિવારના દિવસે ₹ ૧૪.૦૩ કરોડની કિંમતના શેર ખરીદી લેવાયા હતા. આજે જે શેરમાં તીવ્ર ઉછાળો નોંધાયો હતો તેમાં એસીસી, અંબુજા સિમેન્ટ અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ થાય છે. આ તમામમાં પાંચ-સાત ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. એક્સીસ બેંકના શેરમાં સૌથી વધુ છ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બજેટમાં એફઆઈઆઈ અને એફડીઆઈને લઈને પણ નિર્ણય લેવાયો હતો. વિપ્રોના શેરમાં ૦.૭ ટકાનો ઉછાળો નોધાયો હતો. ફાર્માના શેરમાં પણ તેજી રહી હતી. કારણકે, સરકારે હેલ્થ સેક્ટરમાં ૩૩૧૫૨ કરોડની ફાળવણી કરી છે. સિપલાના શરેમાં ₹ ટકા અને ડોક્ટર રેડ્ડી લેબના શેરમાં ૧ ટકા તેમજ સનફાર્માના શેરમાં ૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

એચઆઈવી સારવારને લગતી દવાની અછત સર્જાઈ : રિપોર્ટ

મુંબઈ,તા. ૨

ભારત દેશમાં જીવલેણ એચઆઈવીગ્રસ્ત દર્દીઓ માટેની સારવાર ખૂબ જ જટીલ બની છે. દિલ્હી અને મુંબઈમાં સૌથી માઠી અસર થઈ છે. કારણકે, સરકારી સેન્ટરોમાં કહેવાતી જીવનરક્ષક દવાઓનો પુરવઠો સતત ઘટી રહ્યો છે. ફર્સ્ટલાઈન, સેકન્ડ લાઈન અને પીડિયાટ્રીક એચઆઈવી દવાની સતત અછત ઉભી થઈ છે. આ ઉપરાંત જરૂરી ડાયગ્નોસ્ટીક કીટની પણ અછત ઉભી થઈ છે. જેથી સત્તાવાળાઓને નોટીસ ફટકારવાની જરૂર પડી છે. આ દવાઓના પુરવઠા અને પ્રાપ્તિમાં ખૂબ જ અંતર છે. દવા અને ટેસ્ટીંગની પ્રક્રિયા ઉપર માઠી અસર થઈ છે. ભારતમાં એચઆઈવી અસરગ્રસ્ત લોકો પૈકી બે લાખ જેટલા લોકો ચાર રાજ્યોમાં છે જેમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તમિલનાડુનો સમાવેશ થાય છે. ભારતમાં કુલ એચઆઈવી અસરગ્રસ્ત લોકો પૈકી ૫૩ ટકા લોકો આ ચાર રાજ્યોમાં છે. એક તૃતીયાંશ કરતા વધુ અથવા તો ૭.૫ લાખ દર્દી આ વર્ષે જાહેર આરોગ્ય કાર્યક્રમમાં નોંધાયા છે. રિટેલ માર્કેટમાં ઉપલબ્ધ દવાઓ મોંઘી પડી રહી છે. મુંબઈ અને દિલ્હીમાં ચોક્કસ સેન્ટરોમાં સારવારની દવાઓ મળવામાં મુશ્કેલી નડી રહી છે. ચોક્કસ દર્દીઓ માટે એડવાન્સ થેરાપી માટે ખર્ચ લાખો રૂપિયામાં થાય છે. રિટેલ ફર્સ્ટ લાઈનની દવાઓનો ખર્ચ વર્ષે ૫૫૦૦ રૂપિયા થાય છે. એડવાન્સ અને કોમ્પલેક્સ થેરાપીનો ખર્ચ એક વર્ષનો ૨૦૦૦૦થી ૨૦૦૦૦૦ રૂપિયાનો થાય છે. ૨૨મી ઓગસ્ટના દિવસે આરોગ્ય મંત્રાલયને કાયદાકીય નોટીસ પણ ફટકારાઈ હતી.

શ્રીનગરમાં ૩ ઈંચ જેટલો બરફ પડ્યો

ઉત્તર ભારતમાં વરસાદ અને કાશ્મીરમાં જોરદાર હિમવર્ષા

શ્રીનગર, તા. ૨

ઉત્તરભારતના જુદા-જુદા

ભાગોમાં વરસાદ થયો છે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા થઈ છે જેથી લોકોની હાલત કફોડી બનેલી છે. ઠંડીનો ચમકારો ફરી એકવાર જોવા મળ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં આજે સતત બીજા દિવસે હિમવર્ષા થતાં વિમાની સેવાને માઠી અસર થઈ હતી. જનજીવન ખોરવાયું હતું. કાશ્મીર ખીણ અને રાજ્યના પહાડી વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા થઈ હતી. શ્રીનગરમાં બેથી ત્રણ ફુટ બરફ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે. જમ્મુમાં વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં હિમવર્ષા અને વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. ભારે હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવોના પરિણામે જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ કરાયો છે. હવામાન વિભાગે દેશભર માટેની આગાહીમાં જણાવ્યું છે કે, દિલ્હીમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ થયો છે. નવેસરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પરિણામ સ્વરૂપે જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં હિમ વર્ષા થઈ છે. જ્યારે સાયક્લોનીક સર્ક્યુલેશનના પરિણામ સ્વરૂપે હરિયાણા, રાજસ્થાન અને આસપાસના રાજ્યોમાં વરસાદ થયો છે.

અન્ય એક સિસ્ટમના લીધે ગુજરાત અને રાજસ્થાનના જુદા-જુદા ભાગોમાં વરસાદ થયો છે. પ્રાઈવેટ વેધર ફોરકાસ્ટીંગ એજન્સીએ સ્કાઈમેટના જીપી શર્માએ આ મુજબની માહિતી આપી છે. જમ્મુ-કાશ્મીરમાં ચારેય બાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે. તમામ જગ્યાઓ ઉપર તાપમાનમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. દેશના અન્ય ભાગોમાં પણ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

બ્લેકમની કેસ : મોઈન કુરેશીને મળેલા જામીન

નવી દિલ્હી, તા. ૨

૨૦ કરોડથી વધુની તેમની આવક જાહેર નહીં કરવા બદલ આઈટી વિભાગ દ્વારા દાખલ કરવામાં આવેલા કાળા નાણાંના કેસમાં આરોપી તરીકે રહેલા વિવાદાસ્પદ વેપારી મોઈન અક્ષર કુરેશીને દિલ્હી કોર્ટે જામીન આપી દીધા છે. આરોપી તરીકે તેઓ દિલ્હી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. મીટ એક્સપોર્ટર કુરેશી ૩૦મી જાન્યુઆરીના દિવસે તેમની સામે જારી કરવામાં આવેલા સમન્સના સંબંધમાં આજે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ દેવેન્દ્રકુમાર શર્માએ કુરેશીને જામીન આપી દીધા હતા. ૫૦ હજાર રૂપિયાના અંગત બોન્ડ અને આટલી જ રકમની બાંહેધરીના આધાર પર કુરેશીને જામીન આપવામાં આવ્યા છે. કુરેશીના કર્મચારી અદિત્ય શર્માને પણ આ કેસમાં આરોપી તરીકે સમન્સ જારી કરાયા હતા. તેમને પણ કોર્ટ દ્વારા જામીન આપી દેવાયા છે. જામીન મંજુર કરતી વેળા કોર્ટે બન્ને પર કેટલીક શરતો લાગુ કરી છે. જેમાં જણાવાયું છે કે, પ્રાથમિક મંજુરી વગર તેમને દેશ છોડવો જોઈએ નહીં. જામીન મળી ગયા બાદ કોર્ટે અન્ય કેટલીક બાબતો પણ નક્કી કરી હતી. પૂર્વ ચાર્જના પુરાવાની નોંધણી માટે ૨૯મી એપ્રિલ માટેની તારીખ નક્કી કરી હતી. કોર્ટે અગાઉ તેમની સામે દાખલ કરવામાં આવેલી ઈન્કમટેક્સ વિભાગની ફરીયાદની નોંધ લીધી હતી. ફરીયાદમાં ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

સમાચાર ઝલક

- ડાકોરમાં ફાગણી પૂનમે લાખો શ્રધ્ધાળુ રાજા રણછોડના દર્શન કરવા પગપાળા સંઘો શરૂ.
- વડોદરામાં વડાપ્રધાનનું મેઈક ઈન ઈન્ડિયાનું પ્રથમ સોપાન ગુજરાતમાં સાકાર થયું.
- વલસાડમાં પોલીસને નશાવાળું પાણી પીવડાવી આરોપીઓ ફરાર.
- આણંદ નજીક ડીઝલ ભરેલ ટેન્કર સળગી ઉઠયું. ટ્રાફિક જામ.
- પ્રાંતિજ હાઈવે પર ૨૦૦૨માં બ્રિટિશ નાગરિક હત્યા કેસના તમામ નિર્દોષ છુટયા.
- રાજકોટમાં પ્રસિદ્ધ લોક સાહિત્યકાર શ્રી હરસુર ગઢવીના પૌત્રને છાતીમાં બેટ વાગતાં મોત. શોકનું મોજું.
- ગુજરાતમાં સરકારી બાબુઓને સંઘમાં જોડાવાની છુટ આપવાની વિધિવત કવાયત શરૂ.
- રાજકોટની બહાદુર શ્વેતાએ ટ્રેનમાં લુંટ કરનાર ગેંગ લીડરને ઝડપી લીધો.
- નવી જંત્રીનો અમલ હમણાં નહિ થાય. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પછી નિર્ણય થશે.
- મુંબઈના ધારાવીમાં ઉત્પન્ન થતી વસ્તુઓ ઓનલાઈન વૈશ્વિક સ્તરે ઝળહળશે.
- ભવિષ્યમાં ઈન્ટરનેટ દ્વારા મતદાનની શકયતાઓ છે : ચૂંટણી પંચ.
- ધૂમ બાઈકર્સ સામે સરકાર કડક કાર્યવાહી કરશે.
- ગરમ પીણાં પ્લાસ્ટિકના પ્યાલામાં પીવાથી માથાનો દુખાવો થઈ શકે છે - સર્વે.